## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



વિમચંદભાઈ બહેચરભાઈ સોલંકી (૧૯૪૧) મો. ૯૪૨૯૯૦૩૭૭૫

# ચિલોડા ગામમાં વરસાદને રીઝવવા માથે મેહુલિયો લઈ શ્રદ્ધાથી ફરતી ગ્રામ્ય મહિલાઓ

ચિલોડા, તા. ૭

ગુજરાત રાજ્યમાં છેલ્લા બે-ત્રણ સપ્તાહથી સતત બાફ અને ઉકળાટ બાદ આકાશી મેઘરાજાના વાદળોની હેરાફેરી હોવા છતાં મેઘ-મન મુકી વરસતો નથી. જગતનો તાત આકાશ તરફ મીટ માંડી ચાતક પક્ષીની જેમ રાહ જોઈ નિશાશામાં ધકેલાઈ રહ્યો છે. જૂનની ૨૦મી તારીખ વીતી ગયા બાદ જુલાઈ માસના આગમન સાથે ખેડૂત આલમમાં વરસાદના રીસામણાથી ચિંતાનું મોજું પ્રસરી રહ્યું છે. કદાચ હાથતાળી તો નહી આપે ? આમ બપોરે અસહ્ય ગરમી, બાફ, ઉકળાટમાં નાગરિકો પરેશાની ભોગવી રહ્યા છે. જ્યારે ખેતરોમાં કપાસના પાકને બચાવવા પિયત દ્વારા અથાક પ્રયત્નો કરી રહ્યા છે. જ્યારે ખેતી આધારિત જીવનનિર્વાહ કરતા પરિવારોમાં વરસાદ ખેંચાતા અનેક હાડમારીમાં દિવસો પસાર કરવાનો વારો આવ્યો છે. ત્યારે શ્રદ્ધાના દીપ સમાન ચિલોડા પંથકમાં દર વર્ષની જેમ આ વર્ષે રામધૂન તથા મેહુલિયો કાઢવાની પરંપરા યોજાઈ હતી. ગામની શ્રદ્ધાવાન મહિલાઓએ માથે મેહુલિયો બનાવી ભજન-કિર્તન કરી ઘરે ઘરે ઘૂમી મેહુલિયાના ગીત ગાતી હતી. 'આવરે વરસાદ તારી વાટ જૂએ જગતનો તાત' આ મેહુલિયા પર ગામના ભાવિક ભક્તજનો તાંબાના લોટામાંથી પાણીથી ધાર કરી યથાશક્તિ દાનમાં અનાજ આપી વરસાદ આવશે તેવા શ્રદ્ધા વ્યક્ત કરી ધન્યતા અનુભવે છે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## શહેર યુથ કોંગ્રેસના કાર્યકરોએ પ્રદેશ ભાજપ કાર્યાલયને તાળા માર્યા

ભાજપ સરકારને જગડવા યુથ કોંગ્રેસના કાર્યકરોએ આજે પ્રદેશ ભાજપ કાર્યાલય ખાતે પુતળુ બાળીને ભાજપ કાર્યાલયને તાળા માર્યા હતા.

ગુજરાતમાં ૧૬ હજાર જેટલા ગુમ થયેલા બાળકો પ્રત્યે સહાનુભુતિ દર્શાવવા અને સંવેદના ગુમાવી ચૂકેલ ભાજપ સરકારને જગાડવા માટે પ્રદેશ યુવક કોંગ્રેસ દ્વારા અપાયેલ કાર્યક્રમના ભાગરૂપે આજે અમદાવાદ શહેર યુથ કોંગ્રેસ દ્વારા આશ્ચર્યજનક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. યુથ કોંગ્રેસ દ્વારા આજે અમદાવાદમાં ભાજપ સરકારની નિષ્ક્રિયતાના વિરોધમાં ભાજપ સરકારની નનામી કાઢવામાં આવી હતી. જે નનામી રેલી સ્વરૂપે ભાજપના પ્રદેશ કાર્યાલય ખાનપુર ખાતે પહોંચી હતી. યુથ કોંગ્રેસના કાર્યકરોએ ભાજપ સરકારની નિષ્ક્રિયતા સામે રોષ વ્યક્ત કરી નનામીનો અગ્નિસંસ્કાર ભાજપ કાર્યાલયના મુખ્ય દ્વાર પાસે કર્યો હતો અને ભાજપ કાર્યાલયને તાળા માર્યા હતા.

# દેશમાં ક્લાઈમેટ ચેઇન્જ અલાયદો વિભાગ ઊભો કરનાર એકમાત્ર રાજ્ય ગુજરાત

ગાંધીનગર, તા. ૭

પર્યાવરણના જતન માટે સમગ્ર વિશ્વ દ્વારા અનેકવિધ પ્રયત્નો થઇ રહ્યા છે. રાજ્યના વન અને પર્યાવરણ વિભાગ અને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ઉપક્રમે આજે મહાત્મા મંદિર ખાતે ટેકનોલોજી સોલ્યુશન ફોર એન્વાયરમેન્ટ અપગ્રેડેશન વિષયક એક દિવસીય કાર્યશાળા યોજાઇ ગઇ.

મુખ્ય સચિવ શ્રી એ. કે. જોતિએ કહ્યું હતું કે, ગુજરાત પર્યાવરણ બચાવવા માટેના તમામ નિયમોનું ચુસ્તપણે પાલન કરે છે. સમગ્ર દેશમાં અલંગ કલાઈમેન્ટ ચેઈન્જ વિભાગ ભું કરનાર ગુજરાત પ્રથમ રાજય છે. આ સિવાય ગુજરાતે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, ગુજરાત ઈકોલોજી કમિશન, ગુજરાત કલીનર પ્રોડકશન સેન્ટર, ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ ઓથોરીટી અને સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એજયુકેશન જેવી સંસ્થાઓની રચના પર્યાવરણના જતન માટે કરી છે. રાજ્ય સરકારના પ્રયત્નોથી સી.એન.જી. નેટવર્ક, દરિયાકિનારે મેન્ગ્રુવના વૃક્ષો અને શહેરો તેમજ ગામડાંઓમાં રિચાર્જ વેલ દ્વારા વરસાદી પાણી બચાવવા જેવી પર્યાવરણીય પ્રવૃત્તિઓમાં સતત વૃદ્ધિ થઇ રહી છે. રાજ્યમાં કલાઈમેન્ટ ચેન્જ વિભાગ હેઠળ પેટ્રોકેમિકલ, અર્બન ટ્રાન્સપોર્ટ, વન અને પર્યાવરણ જેવા ક્ષેત્રે ૩૯ જેટલા કલીન મેનેજમેન્ટ પ્રોજેકટ ચાલી રહ્યા છે.

અલંગ શિપ બ્રેકિંગ યાર્ડ, ભાવનગર રિયુઝ [illegible] રિ-સાઈકલ ઓફ વેસ્ટ માટેનું ઉત્તમ યુનિટ છે, તેનાં પર ભાર મુક્તા કેન્દ્રીય વન અને પર્યાવરણ સચિવશ્રી ડૉ. ટી. ચેટરજીએ જણાવ્યું હતું કે અલંગ જેવા શિપ બ્રેકિંગ યાર્ડ અન્ય રાજયોમાં પણ હોવા જોઇએ. ભારત પર્યાવરણના જતનમાં ટેકનોલોજીના ઉપયોગના તમામ નીતિ-નિયમોનું શરૂઆતથી પાલન કરે છે. ગુજરાતમાં આવેલ અંકલેશ્વર અને વાપી જેવી ઔદ્યોગિક વસાહતોમાં પણ ગ્રીન ટેકનોલોજી અને ગ્રીન એસ્ટેટ ભી કરવી જોઈએ. પર્યાવરણ બચાવવા માટે ઔદ્યોગિક વસાહતોમાં જી.પી.સી.બી. દ્વારા સ્થાનિક ઓથોરીટીની રચના કરવી જોઈએ તેમ પણ તેમણે જણાવ્યું હતું.

## શાળાઓ બંધ કરવાના નાટકો દ્વારા રાજકીય રોટલા શેકતી કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૭

શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, જેમ જેમ ચૂંટણી નજીક આવતી જાય છે તેમ તેમ કોંગ્રેસ તેની માનસિક સમતુલા ગુમાવતી જાય છે. જે વિષયને શિક્ષણ સાથે કોઈ પ્રકારનો સંબંધ નથી તેવા મુદ્દાઓ આગળ ધરીને કોંગ્રેસની વિદ્યાર્થી પાંખે રાજ્યની શાળા બંધનું એલાન આપેલ તે તદ્દન નિષ્ફળ નિવડ્યું છે અને તે રીતે સમગ્ર ગુજરાતના વિદ્યાર્થીઓ અને વાલીઓએ કોંગ્રેસને જાકારો આપ્યો છે.

શાળાઓ ચાલુ રાખવા માટેના વિદ્યાર્થીઓ, વાલીઓ અને સંચાલકોના સ્તુત્ય નિર્ણય બદલ આભાર માનતા મંત્રીશ્રી વોરાએ જણાવ્યું છે કે, આ એલાનને સફળ બનાવવા માટે કોંગ્રેસે ઘણા ધમપછાડા કર્યા અને ધાક-ધમકીઓ આપી, ખોટી અફવાઓ ફેલાવી અને રાજકીય રોટલા શેકવાના નિષ્ફળ પ્રયાસો કર્યા તે તેની નબળી માનસીકતા પુરવાર કરે છે. ગુજરાતની ભાવી પેઢી સાથે આવા ખેલ ખેલનાર કોંગ્રેસના આ દુ:સાહસને શખ્ત શબ્દોમાં વખોડી કાઢતા મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, ધાક ધમકીથી અને પોતાના દ્વારા સંચાલિત શાળાઓને પણ બળજબરીથી બંધ કરાવનાર કોંગ્રેસનું આ કાર્ય નિંદાને પાત્ર છે.

## સમાચાર ઝલક

- ડિઝલની કિંમતને આંશિક રીતે અંકુશમુક્ત કરવા તખ્તો તૈયાર.
- નવી પોલીસીથી ગારમેન્ટ ઉદ્યોગને ફાયદો થશે : મુખ્યમંત્રી.
- સૂરતમાં ડાયમંડ ઇન્ડસ્ટ્રીઝમાં તીવ્ર મંદી, સેંકડો યુનિટો બંધ, હજારો લોકો બેરોજગાર.
- વન-ડે ક્રિકેટમાંથી નિવૃત્તિની કોઇ યોજના નથી : સચિન તેન્ડુલકર.
- ડીસાના માલગઢમાં ફરી દીપડાની દહેશતનો માહોલ.
- મેઘરાજાને મનાવવા અંબાજીના વેપારીઓએ બંધ પાળ્યો.
- પદ્મનાભ મંદિરમાં ૧૦ લાખ કરોડ રૂપિયાનો ખજાનો.
- બટાકાના ભાવ વધતાં લોકોમાં દેકારો.
- ઓ...હો...હો... ૬૫ કરોડની લકઝરી, ચોરનું ટોઇલેટ પણ ૨૧ કેરેટ સોનાથી મઢેલું છે.
- અર્થવ્યવસ્થા પાટે ચડાવવી હોય તો સોનું ન ખરીદશો, બચતો કરો : મનમોહનસિંહજી.
- આર્થિક મંદી : મુંબઇમાં ૧.૧૦ લાખ કરોડના ઘર વેંચાયા વગરના પડ્યા છે, ભાવ ગમે ત્યારે તૂટી પડે તેવી ધારણા.
- રાજકોટમાં કલાસીસ સંચાલિકાના બ્લેક મેઇલીંગ પ્રકરણમાં એન.એસ.યુ.આઇ.પ્રમુખ સહિત ત્રણની ધરપકડ - આકરી પૂછપરછ.
- કોડીનારના ઘરના મોભીને ૧૩ વર્ષથી દરિયો ભરખી ગયો છતાં સરકારી સહાયથી વંચિત કુટુંબ.
- ઓલપાડના ટૂંડા ગામના દરિયાકિનારે ૬ માનવ હાડપિંજર મળતાં ચકચાર.



ગાંધીનગર જિલ્લાના ચિલોડા તથા ડભોડા પોલીસ સ્ટેશનના પોલીસ ખાતામાં વિવિધ હોદ્દા પર સેવા બજાવતાં પોલીસકર્મીઓ વય નિવૃત્તિ મર્યાદાને લીધે નિવૃત્ત થતાં ચિલોડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. લલીતભાઈ નાથાભાઈ પરમાર તથા એ.એસ.આઈ. મનહરસિંહ મુકુન્દસિંહને ચિલોડા ખાતે ચિલોડા ગ્રામ પંચાયતના ડે. સરપંચ તથા ચિલોડા સેવા સહકારી મંડળીના ચેરમેનશ્રી જગદીશભાઈ બી. પટેલના હસ્તે શાલ ઓઢાડી, શ્રીફળ અર્પણ કરી સન્માનિત કર્યા હતા. જ્યારે ડભોડા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. એમ.સી. ડાભી તથા એ.એસ.આઈ અમૃતભાઈ ધુળાભાઈ તથા ભરતભાઈ ગાંડાભાઈ એ.એસ.આઈ. ને ભાવભીની વિદાય આપી સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે ગામના અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહી વિદાય લેતા કર્મચારીઓને તેમનું શેષજીવન નિરામય રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# વાસણ પ્રાથમિક શાળામાં ફરિયાદવાળી શિક્ષિકાઓ પુન: નિમાતાં ભારે રોષ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના વાસન ગામે વાસન પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતી બે બહેનોને તા. ૨૨મી નવેમ્બર-૨૦૧૧ના રોજ ગેરશિસ્ત અને ગેર વર્તણૂંક અંગે મૌખિક અને લેખિત રજૂઆતો મળતા છુટી કરીને જલુંદ તથા ડભોડા મુકવામાં આવી હતી. પણ વાસન ગામમાં અન્ય બે શિક્ષકોની બદલી થતાં ફરી આ બે શિક્ષિકાઓને શિક્ષણ વિભાગે વાસન પ્રાથમિક શાળામાં મુકતા સ્થાનિક અગ્રણીઓ દ્વારા ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે.

વાસન ગામના સરપંચ એમ.પી. વાઘેલા વાસન પ્રાથમિક શાળા વ્યવસ્થાપન સમિતિના પ્રમુખ ઈશ્વરસિંહ વાઘેલા, વાસન હિતવર્ધક કેળવણી મંડળના પ્રમુખ દશરથસિંહ વાઘેલા, વાસનના માજી સરપંચ મનુજી વાઘેલા, વાસન હિતવર્ધક કેળવણી મંડળના માજી પ્રમુખ સોતસિંહ વાઘેલાએ સંયુક્ત નિવેદન આપી જણાવ્યું છે કે, વાસન પ્રાથમિક શાળામાં કિરણબેન ગોસ્વામી અને ફેમીનાબેન કાજીની ગેર વર્તણૂંક અને ગેર શિસ્તને ધ્યાને લઈને શિક્ષણ વિભાગ દ્વારા ઉભયની બદલી જલુંદ તથા ડભોડા પ્રાથમિક શાળામાં થઈ હતી.

વાસન પ્રાથમિક શાળામાં એક શિક્ષકની સી.આર.સી. માં બદલી થતા, બીજા શિક્ષક નિવૃત્ત થતાં અને અન્ય એક શિક્ષકની બીજે બદલી થતાં વાસન પ્રાથમિક શાળામાં પાંચ શિક્ષકોની લાંબા સમયથી ખોટ પડી છે. સદર જગ્યાઓ ભરવામાં આવી નહી. પરંતુ ૫મી જુલાઈ-૨૦૧૨ના રોજ કિરણબેન ગોસ્વામી અને ફેમીનાબેન કાજીને ફરીથી પાછા વાસન પ્રાથમિક શાળામાં મુકવાનો હુકમ પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી તરફથી થયો છે. સ્થાનિક અગ્રણીઓએ બન્ને શિક્ષિકાઓને ચાલુ ક્લાસે ઊંઘતા, ભજનો ગાતા, મોબાઈલ ઉપર વારંવાર વાતો કરતા તથા ચાલુ ક્લાસમાંથી બહાર લોબીમાં આવી આંટાફેરા મારતા જોયા હતા. બાળકોને ભણાવવાનું બીલકુલ ધ્યાન આપતા ન હતા. આ અંગેનો રીપોર્ટ શાળાના આચાર્યએ શાળા સંચાલક સમિતિને ૧૨મી સપ્ટેમ્બર ૨૦૧૧ના રોજ આપ્યો હતો. તે આધારે તેઓની બદલી કરવામાં આવી હતી.

બંને શિક્ષિકાઓની વાસન પ્રાથમિક શાળામાંથી તાત્કાલિક બદલી નહીં થાય તો જુલાઈ-૨૦૧૨માં કોઈપણ તારીખે શાળામાં તેમના વાલીઓ, બાળકોને શાળામાં મોકલશે નહી. શિક્ષણનો બહિષ્કાર કરવામાં આવશે. આ બાબતે સુલેહ શાંતિનો જો ભંગ થશે તો બધી જવાબદાર શિક્ષણ વિભાગની રહેશે તેવું સ્થાનિકજનો જણાવી રહ્યા છે.

## ચિલોડા મોટા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના હોદ્દેદારો નિમાયા

ચિલોડા, તા. ૭

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ગામે ચિલોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની સને ૨૦૧૧-૧૨ની વાર્ષિક સાધારણ સભા તા. ૨૯-૬-૧૨ના રોજ યોજવામાં આવી હતી. જ્યારે તા. ૪-૭-૧૨ના રોજ ૨૦-૧૨, ૧૩ના વર્ષ માટે ચેરમેનની નિમણુંકમાં ૩ વિરૂદ્ધ ૭ મતથી ચેરમેન તરીકે બકાભાઈ નાથાભાઈ તથા વાઈસ ચેરમેન તરીકે ઠાકોર ઉમેદજી દોલાજી (યોગેશભાઈ)ની વરણી કરવામાં આવેલ છે.

## શબ્દાવલી - ૪૭૮૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ |
| ૬ | | | ■ | ૭ | | ■ | |
| | ■ | ૮ | ૯ | ■ | ૧૦ | | |
| ૧૧ | ૧૨ | ■ | ૧૩ | | | ■ | ■ |
| ■ | ૧૪ | ૧૫ | | ■ | ■ | ૧૬ | ૧૭ |
| ■ | ૧૮ | | ■ | ૧૯ | ૨૦ | | |
| ૨૧ | | ■ | ૨૨ | | | ■ | ■ |
| | ■ | ■ | ૨૩ | | | | |

**આડી ચાવી**

૧. એક ટાઈમ જમીને સળંગ કરાતા ઉપવાસ (૪)
૪. કોથમીર, ધાણા (૩)
૬. ઝૂરાપો (૩)
૭. ... ચડાવવો, જુસ્સો લાવવો (૨)
૮. સીસોટી (૨)
૧૦. ... કરી જવું, પચાવી પાડવું (૩)
૧૧. અવાજ, શૉર (૨)
૧૩. તુમ્બડી, વાટકા જેવું ભિક્ષાપાત્ર (૩)
૧૪. કૃષ્ણનું બાળપણ અહીં વિત્યું (૩)
૧૬. કયાસ (કાઢવો), ... લેવો (૨)
૧૮. ઝેર, વિષ (૨)
૧૯. નુકશાનકારક (૪)
૨૧. પાણી... છે? પીવાની ક્રિયા (૨)
૨૨. કટોરા (૩)
૨૩. હાંકી કાઠવું તે (૫)

**ઊભી ચાવી**

૧. વિશ્વાસ (૪)
૨. કમર, કેડ (૨)
૩. ... પુરવી, હોકારો ભણવો (૩)
૪. મનને હરી લે તેવું (૪)
૫. જેલ, કેદખાતું (૩)
૯. મજાક (૩)
૧૨. વગોવણી કરવી (૪)
૧૫. ખોળો, ગોદ (૨)
૧૬. તાકવાનું સ્થળ, જગ્યા (૨)
૧૭. ખીણ, દુ:ષ... માં ધકેલવું (૨)
૧૯. અસ્થિ (૩)
૨૦. ... કરવો, કાઢી નાખવું (૩)
૨૧. સમજુ, વડીલ (૨)
૨૨. ખુબ સરસ જેવો ઉદ્‌ગાર (૨)

### શબ્દાવલી ૪૭૮૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) ટંકશાળ (૩) ઠોકર (૫) અસર (૬) ઉંબરો (૭) ચલ (૯) હેમામાલિની (૧૨) દાવાનળ (૧૩) દાન (૧૪) ખુશી (૧૬) સાદગી (૧૮) કાખ (૨૦) રીવાજ (૨૧) રીસ

**ઊભી ચાવી :-** (૧) કડીબધ્ધ (૩) ઠોસ (૪) કરચલી (૫) અનુમાન (૮) લનીઅ (૯) હવન (૧૦) માળખુ (૧૧) અવસાદ (૧૨) દાદાગીરી (૧૫) શિકારી (૧૭) સેજ (૧૯) ખસ

## 'હતાશ કોંગ્રેસ કાયરતાના માર્ગે' ૧૯૯૦થી ગુજરાતની પ્રજાએ કોંગ્રેસને તાળું માર્યું છે - ૨૦૧૨માં જનતા શટર પાડી દેશે

અમદાવાદ, તા.૭

ભાજપાના પ્રદેશ પ્રવકતા શ્રી આઈ.કે. જાડેજાએ એક અખબારી યાદીમાં ગુજરાતની શાંતિ અને સદભાવનાને ડહોળવા માટે પ્રયત્નશીલ કોંગ્રેસ પાર્ટી હતાશ થઈ ગઈ છે તેનું વરવું ઉદાહરણ આજે ભાજપા કાર્યાલય ખાતે યુવક કોંગ્રેસના કાર્યકર્તાઓએ પુરુંપાડયું છે તેમ જણાવ્યું છે. હતાશ કોંગ્રેસ જુઠ્ઠાણાઓના માર્ગ બાદ કાયરતાના માર્ગે આગળ વધી છે તેને ભાજપા સખત શબ્દોમાં વખોડી કાઢે છે.

તેઓએ જણાવ્યું છે કે કોંગ્રેસ પાર્ટીને ગુજરાતની પ્રજાએ ૧૯૯૦થી રસ્તો બતાવી દીધો છે, કોંગ્રેસને સત્તાથી દૂર કરી દીધી છે, સત્તા વિના આ કોંગ્રેસીઓ તરફડીયા મારી રહ્યા છે. જેને ગુજરાતની પ્રજા જાણી ગઈ છે.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે કોંગ્રેસ પાર્ટીને આગામી દિવસોમાં ગુજરાતની પ્રજા માફ કરશે નહીં. કોંગ્રેસ પાર્ટીના ભ્રષ્ટાચાર, મોંઘવારી અને વિકાસ વિરોધી કુકર્મોને ધ્યાનમાં રાખી ૧૯૯૦માં સત્તાથી દૂર કરી તાળું માર્યું હતું અને હવે કોંગ્રેસનું શટર પાડી દેશે તે કોંગ્રેસ જાણી લે.

તેઓએ અંતમાં જણાવ્યું છે કે ભાજપા કોંગ્રેસની નકારાત્મકતાને જરૂર આવે ઈંટનો જવાબ પથ્થરથી આપી પડકારશે, તે કોંગ્રેસના કાયર નેતાઓ ધ્યાનમાં રાખે. ગુજરાતનો વિકાસ કોંગ્રેસીઓને આંખના કણાની જેમ ખૂંચે છે અને શાંતિ તેમજ સૌનો સાથ-સૌનો વિકાસ તેને પેટમાં ચૂંક ઉપાડે છે.

# અમદાવાદ સહિત રાજ્યના ૧૪ તાલુકામાં વરસાદ

ગુજરાતના ૧૪ તાલુકાઓમાં નોંધનીય વરસાદ નોંધાયો છે. સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં સૌથી વધુ ૩ ઇંચ વરસાદ નોંધાયો છે. રાજ્યના સાત તાલુકાઓમાં અડધો ઇંચ વરસાદ રહ્યો હોવાના અહેવાલ મળ્યા છે જ્યારે છ તાલુકાઓમાં એક ઇંચથી વધુ વરસાદ થયો છે.

બીજી બાજુ અમદાવાદમાં દિવસ દરમિયાન અવારનવાર વરસાદી ઝાપટા પડ્યા હતા. મ્યુનિ. કંટ્રોલના જણાવ્યા મુજબ આજે નવા પશ્ચિમ ઝોનમાં ૩.૯૦ મીમી અને પશ્ચિમ ઝોનમાં ૪.૦૦ મીમી, પૂર્વ ઝોનમાં ૧.૩૪ મીમી, મધ્યઝોનમાં ૧.૦૦ મીમી, ઉત્તરઝોનમાં ૧.૦૦ મીમી અને દક્ષિણ ઝોનમાં ૧.૧૭ મીમી વરસાદ નોંધાયો છે. શહેરમાં મોસમનો કુલ વરસાદ ૮૦.૪૪ મીમી નોંધાયો છે. શહેરમાં ઝાડ પડવાની બે ફરિયાદો મધ્ય ઝોનમાં હોટલ મેઘદૂતની પાછળ અને શાહપુરમાં વાસુદેવ ત્રિપાઠી હોલ કોર્નર પાસે નોંધાઈ છે. આ ઉપરાંત પશ્ચિમ ઝોનમાં મેમનગર ફાયર સ્ટેશનની આગળ ભૂવો પડ્યો છે. રાજ્યના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલ મુજબ આજે સવારે ૭.૦૦ કલાકે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન વડોદરા, વાઘોડિયા, કામરેજ, માંડવી, કપરાડા અને ડાંગ મળી કુલ ૬ તાલુકાઓમાં એક ઇંચથી વધુ વરસાદ જ્યારે બાલાશિનોર, સોજીત્રા, ઘોઘંબા, કેશોદ, સાગબારા, નિઝર અને વાંસદા મળી કુલ ૭ તાલુકાઓમાં અડધો ઇંચ કરતાં વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. હવામાન વિ.ની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં આકાશ વાદળછાયુ રહેશે અને ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે. જ્યારે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં કેટલાક સ્થળોએ વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડવાની શક્યતા છે.

## ઝૂંપડા હટાવવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સોહામણી વાતો કરી ગંદકી ઉલેચવાની બડાશો હાંકે છે ત્યારે ઝુંપડાના દબાણ અને અસહ્ય ગંદકી વચ્ચે ઘેરાયેલા સે. ૬ના રહીશો ગુંગળામણ અનુભવી રહ્યા છે. આ સઘળી સ્થિતિ થઈને આ વિસ્તારમાં રહીશો પર રોગચાળાનો ખતરો મંડરાયો છે જ્યારે ઘરફોડ ચોરી અને દેહવ્યાપાર જેવા અનિષ્ટ દૂષણો પણ પાંગરી રહ્યા છે. ઝુંપડાવાસીઓને દૂર કરવાની રજૂઆતોના અંતે પણ અત્યાર સુધીમાં માત્ર નાટ્યાત્મક કામગીરી થઈ હોવાનો રોષ ઠાલવતા રહીશો હવે આ મામલે આંદોલનનો માર્ગ અપનાવશે. સે. ૬ સંઘર્ષ સમિતિ દ્વારા આ અંગે તા. ૮ જુલાઈના રોજ સે. ૬ના બગીચામાં રાત્રિના ૮.૩૦ કલાકે એક બેઠક યોજવામાં આવનાર છે. સમિતિએ તંત્રને અત્યાર સુધી જે કાર્ય કર્યુ નથી તે હવે વસાહતીઓ કરી બતાવશે તેવો આક્રમક અંદાજ પણ દાખવ્યો છે.

## અનોખી ઘટનાએ..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અગાસી પર જાય ત્યારે ત્યાં એક બુલબુલ આવે છે ને તેની સાથેની ગોષ્ઠી જોવાની બહુ મઝા પડે છે. જો કે અન્ય પક્ષીઓથી બચ્ચુ હજુ ડરે છે તેમ જણાવતાં તેમણે કહ્યું કે પક્ષીને ઉછેરવામાં આખો દિવસ કયાં પસાર થઈ જાય છે તે જ ખબર પડતી નથી.

આ બુલબુલના બચ્ચાને હાલ તેઓ જુવાર, બાજરીનો મીકસ લોટ તેમજ મેરીગોલ્ડ બિસ્કીટનો ભુકો દૂધમાં પલાળેલો તેને બહુ ભાવે છે એટલે ખવડાવીએ છીએ. પાણી પણ તે પટપટ પી જાય છે.

દિકરો હેપી જે મિકેનીકલ એન્જીનીયરીંગના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરે છે તે ઘરે આવે અને બુલબુલ જેવી સીટી વગાડે ત્યારે આ બચ્ચું એવું તો ખીલે છે કે તેની મસ્તી જોવાની પણ અનેરી મઝા છે.

પક્ષીઓ પ્રત્યેની સદ્‌ભાવના અને અનુકંપા વિશે પુછતાં શ્રી સંઘાડયાએ જણાવ્યું હતું કે તેઓ સે-૨૯માં રહેતા હતા ત્યારે એક દિવસ એક ચકલી પંખામાં આવીગઈ અને મરણ પમી. તેના એક બચ્ચાને અમે પરિવારજનોએ સાથે મળી મોટું કર્યું બે ત્રણ મહિના બાદ આ ચકલી આપોઆપ અમે ધાબે લઈને ગયા ને ઉડી ગઈ...!

આ ઘટના આજે પણ મારા હૃદયમાં એટલી જ સચવાયેલી છે હવે આ બુલબુલનું બચ્ચુ મળ્યું છે. મઝા આવે છે. આ બચ્ચાનું નામાભિધાન કરવાનો અમારા પડોશીના બાળકો આગ્રહ કરી રહ્યા છે પણ જોઈએ.

પ્રેમ-સુરક્ષા અને હૂંફના વાતાવરણમાં ઉછરી રહેલું આ બચ્ચું તેમના પરિવારને પણ એટલો જ પ્રેમ કરી રહ્યું છે. તે કયારેક ખોળામાં, કયારેક ખભે તો કયારેક ચશ્માની દાંડી પર બેસી જાય તો પેટ પર ચડીને પણ રમે છે.

હાલ તો સંઘાડિયા પરિવાર કહે છે કે પંખીડા...ઉડી જાજો પાવાગઢ રે...પણ પ્રેમના આ અનોખા બંધનનો અનોખો કિસ્સો છે.